| | | | | |
|---|---|---|---|---|
| પ્રાપ્તિ તારીખ | : | ૦૩–૦૧–૨૦૨૨ | | |
| નોંધ્યા તારીખ | : | ૦૫–૦૧–૨૦૨૨ | | |
| ફેંસલ તારીખ | : | ૦૯–૦૨–૨૦૨૪ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૨ | ૦૧ | ૦૪ |

## દેવગઢ બારીયાના મહે. પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મું: દેવગઢ બારીયા.

**ઈલેકશન પીટીશીન નં. ૦૨/૨૦૨૨.**
**આંક :–**

(૧) દીપસિંહભાઈ રામસિંહભાઈ ભીલ,
રહે. ખેડા ફળીયુ, વાંદર, તા.દેવગઢ બારીયા, જી.દાહોદ. **અરજદાર....**

**વિરૂધ્ધ**

(૧) રાજય ચુંટણી આયોગના અધિકારી અને કલેકટરશ્રી, દાહોદ.
રહે. જિલ્લા સેવાસદન, મુ.પો.છાપરી, તા.જી.દાહોદ.

(૨) નાયબ કલેકટર તથા પ્રાંત અધિકારી અને આસીસ્ટન્ટ જિલ્લા ચુંટણી અધિકારી
રહે. પ્રાંત કચેરી, મુ.પો.તા.દેવગઢ બારીયા, જી.દાહોદ.

(૩) ચુંટણી અધિકારી ગ્રામ પંચાયત વાંદર અને તાલુકા વિકાસ અધિકારી, દેવગઢ બારીયા.
રહે. તાલુકા પંચાયત કચેરી, મુ.પો.તા.દેવગઢ બારીયા, જી.દાહોદ.

(૪) મામલતદારશ્રી, દેવગઢ બારીયા,
રહે. મામલતદાર કચેરી, મુ.પો.તા. દેવગઢ બારીયા, જી.દાહોદ.

(૫) ચંદ્રકાંત છત્રસિંહ પટેલીયા,
રહે.વાંદર, તા.દેવગઢ બારીયા, જી.દાહોદ. **સામાવાળા ....**

---

અરજદાર પક્ષ તરફે વિધ્વાન વકીલ : શ્રી એચ.એસ.ભરવાડ
સામાવાળા ન. ૧ થી ૪ તરફે મદદનીશ સરકારી વકીલ : શ્રી એસ.બી.ચૌહાણ
સામાવાળા ન. ૫ તરફે વિધ્વાન વકીલ : શ્રી ડી.એચ.બારીયા.

---

**ગુજરાત પંચાયત અધિનિયમની કલમ – ૩૧ મુજબ ઈલેકશન પીટીશન.**

---

**–:: હુ ક મ ::–**

**(૧)** અરજદારે ગુજરાત પંચાયત અધિનિયમની કલમ ૩૧ મુજબ હાલના સામાવાળા સામે હાલની ઈલેકશન પીટીશન કરી તા.૧૯/૧૨/૨૦૨૧ ના રોજ યોજાયેલ વાંદર ગ્રામ પંચાયત તાલુકા દેવ.બારીઆની ચુંટણી બાદ તા.૨૧/૧૨/૨૧ ના રોજ કરવામાં આવેલ સરપંચના મતની મતગણતરી તથા વોર્ડના સભ્યોની મતની ફેરગણતરી તથા ચુંટણીના પરીણામને જાહેરાત કરતા હુકમને રદ બાતળ કરવા હાલની ઈલેકશન પીટીશન અરજ ગુજારેલ છે. તે ઈલેશન પીટીશના કામે અરજદારે કામચલાવુ મનાઈ અરજી પણ દાખલ કરેલ છે, જે હાલના તબકે નિર્ણય ઉપર છે.

(૨) અરજદારની કામચલાવુ મનાઈ અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદાર દે.બારીઆ તાલુકાના મોજે ગામ વાંદર મુકામે પોતાના કુટુંબ સાથે રહે છે. સને ૨૦૨૧ ની સાલમાં વાંદર ગ્રામ પંચાયતના સભ્યની સામાન્ય ચૂંટણીનું જાહેરનામું બહાર પાડયું હતું. આ જાહેરનામાં મુજબ વાંદર ગ્રામ પંચાયતના સરપંચની ચૂંટણીમાં અરજદાર તથા સામાવાળા નં. ૫ નાએ ઉમેદવારી કરી હતી. સદર ચૂંટણીમાં અરજદારનુ નિશાન ''ચાની કીટલી ''હતું તથા સામાવાળા નં.૫ નું નિશાન ''ઘડો'' હતું. આ ચૂંટણી પ્રક્રિયા ચૂંટણીપંચ વતી આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાઓ કરતા હતા. તેમજ ચૂંટણી પંચ,ગુજરાત રાજય ધ્વારા સરપંચ તથા પંચાયતના સભ્યો માટેનું મતદાન તા.૧૯/૧૨/૨૦૨૧ ના રોજ યોજયેલ જેમાં અરજદાર તથા અન્ય ઉમેદવારોની હાજરીમાં મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્વક રીતે થયેલ અને ત્યાર બાદ તા.૨૧/૧૨/૨૦૨૧ ના રોજ વાંદર ગ્રામ પંચાયતની ચૂંટણીની મતગણતરી

દે.બારીઆ મુકામે મોડેલ સ્કુલમાં યોજવામાં આવી હતી અને સામાવાળા નં.૧, ૨,૩ તથા ૪ નાએ સદર ચૂંટણીમાં ચૂંટણી અધિકારી તરીકે ખૂબ મોટો ભ્રષ્ટાચાર અને ગેરરીતીઓ આચરી છે. સદર ચૂંટણીમાં અરજદારનાં કાઉટીંગ એજન્ટ મતગણતરીમાં હાજર હતા, પરતું આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાઓએ અરજદારના કાઉન્ટીંગ એજન્ટને કાઉન્ટીંગ જોઈ ન શકાય તેટલા દૂર ઉભા રહેવાની ફરજ પાડી હતી અને અરજદારના કાઉન્ટીંગ એજન્ટને મતપત્રો બતાવવાંમાં આવતાં ન હતા અને આ કામના સમાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાએ અરજદારને મળેલા મતો આ કામના સામાવાળા નં.૫ નામાં ગણી લઈ ખુબ મોટો ભ્રષ્ટાચાર આચર્યો છે અને ખૂબજ મોટી ગેરરીતી આચરેલ છે. આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાએ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા તટસ્થ રીતે કરેલ નથી અને અરજદારને આ કામના સામાવાળા નં.૫ કરતાં વધુ મત મળ્યા હોવા છતાં ગેરરીતેઓ વાપરી ખોટી રીતે આ કામના સામાવાળા નં.૫ નાને વિજેતા જાહેર કરી દેવામાં આવેલ છે.

(૩) વધુમાં જણાવેલ છે કે સામાન્ય રીતે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી કે તેમનાં કાઉન્ટીંગ એજન્ટની હાજરીમાં મતગણતરી કરવાની હોય છે અને તેનું નિરીક્ષણ કરવાનો ઉમેદવાર કે તેમાનાં એજન્ટને હકક હોય છે. મત ગણતરી વખતે કુલ જેટલા મતપત્રો નિકળે તે તમામને ૫૦ ની થોકડીમાં થયા પછી થોકડી ખોલવામાં આવે તે થોડીકના મતપત્ર ઉમેદવાર કે ઉમેદવારના એજન્ટને બતાવી તે મત કોનો છે તે નકકી કરવાનું હોય છે અને મતપત્રો જે ઉમેદવારના હોય તે ઉમેદવારની થોકડીના મત ભેગો કરી તેના ૫૦ મતોની અલગ થોકડીઓ કરવાની હોય છે. આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાએ આ પ્રક્રિયા દરમ્યાન જે મતપત્રો અરજદારની થોકડીમાં હતા તે થોકડીઓ ઉલટ સુલટ કરી અરજદારને મળેલ મત આ કામના સમાવાળા નં.૫ ની થોકડીમાં ભેળવી દિધા હતા અને કોઈક અગમ્ય કારણોસર ઉતાવળ કરી અરજદારને ચૂંટણી અધિકારી સામાવાળા નં.૩

ના એ મતદાનના દિવસે કુલ મતદાન બૂથ નં.૧ તથા ૨ નું નીચે કોષ્ટક : ૧ બતાવ્યા મુજબનું મતદાન થયેલ છે.

**– :: કોષ્ટક : ૧ ::–**

| બૂથ અનુક્રમ નં. | મળેલ કુલ મત |
|---|---|
| બૂથ નં.૧ | ૯૭૪ |
| બૂથ નં.૨ | ૯૨૧ |
| **કુલ મળેલ મતનો સરવાળો** | **૧૮૯૫** |

તેમજ ચુંટણી અધિકારીએ મતગણતરીના દિવસે કુલ મતદાન ૧૮૮૯ બતાવ્યું છે તેનું કોષ્ટક : ૨ નીચે મુજબનું છે.

**–:: કોષ્ટક : ૨ ::–**

| | |
|---|---|
| દીપસીંગ રામસિંહ ભીલ | ૮૭૯ |
| ચંદ્રકાંત છત્રસિંહ પટેલીયા | ૯૧૫ |
| ઉપરના પૈકી કોઈ નહી (નોટા–NOTA) | ૦૪ |
| કુલ માન્ય મતોની સંખ્યા | ૧૭૯૮ |
| અસ્વીકારયેલા મતોની સંખ્યા | ૯૧ |
| માન્ય મતો તથા અસ્વીકારયેલા મતોની કુલ સંખ્યા | ૧૮૮૯ |

કોષ્ટક : ૧ માં જણાવ્યા મુજબ બે બૂથનું કુલ મતદાન ૧૮૯૫ થયેલ હતું. તેમજ મતગણતરીના દિવસે અરજદારના ૮૭૯ તથા આ કામના સામાવાળા નં.૫ ને ૯૧૫ તથા રદ અસ્વીકારાયેલ મતોની સંખ્યા ૯૧ બતાવી તથા નોટા મતોની સંખ્યા ૪ બતાવી કુલ મતદાન ચૂંટણી અધિકારીએ ૧૮૮૯ બતાવેલ છે અને મતદાનના દિવસના મતદાનની સંખ્યા મત ગણતરીના દિવસના મતની ગણતરીમાં ૬ મતનો ફરક આવતો હોય જેથી મતગણતરી ન્યાયપૂર્ણ થયેલ નથી. તેમજ આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાઓએ સામાવાળા નં.૫ સાથે મળી જઈ અને મતગણતરીમાં ગોટાળા કરીને અરજદારને હારેલા જાહેર કરીને અરજદારને કાઉન્ટીંગ એજન્ટને સાંભળવાની તક

આપ્યા સિવાય તેમને વાંધો રજૂ કરવાની તક આપ્યા સિવાય આ કામના સામાવળા નં.૫ ને વિજેતા જાહેર કરી દીધા હતા. અને દરેક વોર્ડનું મતદાનનુ કોષ્ટક:૩ નીચે મુજબ છે.

**–:: કોષ્ટક : ૩ ::–**

| વોર્ડ નંબર | મળેલ મત | અસ્વીકારાયેલા મત | નોટા | કુલ મત |
|---|---|---|---|---|
| વોર્ડ નં.૧ | ૨૨૬ | ૧૧ | ૦૦ | ૨૩૭ |
| વોર્ડ નં.૨ | ૨૫૦ | ૨૨ | ૦૦ | ૨૭૨ |
| વોર્ડ નં.૩ | ૧૯૮ | ૧૧ | ૦૦ | ૨૦૯ |
| વોર્ડ નં.૪ | ૨૪૦ | ૧૪ | ૦૨ | ૨૫૬ |
| વોર્ડ નં.૫ | ૨૦૬ | ૦૭ | ૦૦ | ૨૧૩ |
| વોર્ડ નં.૬ | ૨૩૦ | ૧૨ | ૦૦ | ૨૪૨ |
| વોર્ડ નં.૭ | ૨૩૭ | ૦૬ | ૦૦ | ૨૪૩ |
| વોર્ડ નં.૮ | ૨૨૦ | ૦૨ | ૦૦ | ૨૨૨ |
| **કુલ મત** | **૧૮૦૭** | **૮૫** | **૦૨** | **૧૮૯૪** |

કુલ મતોની સંખ્યા કોષ્ટક – ૨ માં ૧૮૮૯ કોષ્ટક–૩ માં ૧૮૯૪ થતી હોય તેવી જ રીતે અસ્વીકારયેલા મતોની સંખ્યા કોષ્ટક–૨ માં ૯૧ બતાવી છે. જયારે કોષ્ટક–૩ માં અસ્વીકારયેલા મતોનો સરવાળો કરતા માત્ર ૮૫ થાય છે.તેવી જ રીતે નોટા મતોની સંખ્યા કોષ્ટક–૨ માં ૦૪ બતાવી છે.જયારે કોષ્ટક–૩ માં નોટા : ૦૨ માત્ર વોર્ડ નં.૪ મળેલ છે. આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાએ ચૂંટણીમાં ખૂબમોટો ભ્રષ્ટ્રાચાર આચરી, ચૂંટણી પંચના નિયમોનો ખૂલ્લે આમ ભંગ કરી સામાવાળા નં.૫ ને ગેરકાયદેસર રીતે સરપંચ તરીકે ચૂંટાયેલા જાહેર કરી દિધા.જેથી અરજદારે જાતે તથા તેમના એજન્ટો દ્વારા મત ગણતરીની પ્રક્રિયા દરમ્યાન કરેલ મતોની ગણતરી અને પરિણામ વચ્ચે મોટી સંખ્યાનો ફેરફાર નજરે પડેલ.જેથી અરજદારે તાત્કાલિક હાજર ચૂંટણી અધિકારીઓ સમક્ષ સદરહું મતોની ફેરગણતરી કરવા માટે તાત્કાલિક મૈખિક માંગણી કરેલ. તે સમયે ચૂંટણી અધિકારીએ અરજદારને જણાવેલ કે અમારે હજી ઘણી બધી બીજી પંચાયતોની મતગણતરી બાકી છે તમારા માટે ફેરગણતરી કરવા માટે અમો નવરા નથી અને તમારાથી થાય તે કરી લેજો. જેથી અરજદારે લેખિતમાં અરજી કરતા મામલાદાર દેવગઢબારીઆ

નાઓએ અરજદાર સામે અરજદારની અરજી ફાડી નાંખેલી અને તમારાથી થાય તે કરી લો તેમ જણાવવામાં આવેલ હતુ.

(૪) વધુમાં જણાવેલ છે કે, આ મતગણતરી દરમ્યાન થયેલ ગેરરીતી બાબતે પણ અરજદારે હાજર ચૂંટણી અધિકારીને જણાવેલ, તેમ છતાં પણ આ ગેરરીતીને પણ ચૂંટણી અધિકારીએ ધ્યાને લીધેલ નહી. તેમજ અરજદારે મતદાન ફેરગણતરી કરવાનું કહેતા આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ ને સતાને રૂઈએ પણ અધિકારીઓને મતદાન ફેરગણતરી કરતા રોકેલ અને તાત્કાલિક પોલીસ બળ વાપરી અરજદારને પ્રત્યુતર આપ્યા વગર અસંવૈધાનિક રીતે અને કાયદાકીય નીતિ નિયમો તેમજ અરજદાને ભારતીય બંધારણ મુજબ મળતા મૂળભૂત હકકો સરેઆમ છીનવી લઈ મતદાન ગણતરી હોલમાંથી બહાર કાઢી મૂકેલ અને વાંદર ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણીમાં તા.૧૯/૧૨/૨૧ ના રોજ કુલ મતદાન ૧૮૯૫ મતોનું મતદાન થયેલ તા.૨૧/૧૨/૨૧ ના રોજ મતગણતરી વખતે મતદાન પેટીમાંથી કુલ ૧૮૮૯ મતો નીકળેલ. જે લેખિતમાં સુપરવાઈઝરે તથા ચૂંટણી અધિકારીએ તેઓના હોદાની રૂઈએ સહી કરીને અરજદારને જણાવેલ. આમ, મતગણતરી સમયે ગંભીર પ્રકારની ગેરરીતિઓ આચરવામાં આવેલી છે.

(૫) વધુમાં જણાવેલ છે કે વાંદર ગ્રામ પંચાયત સરપંચની ઉમેદવારીની મતગણતરીની પ્રક્રિયા તદ્દન ગેરકાયદેસર રીતે અને આયોજનપૂર્વક અમો અરજદારને હરાવવાના ઈરાદાથી સામાવાળા નં.૫ તથા ચૂંટણી અધિકારીના એકબીજાના મેળાપીપણા દ્વારા ગેરરીતી આચરી કરવામાં આવેલ છે. જે એક ભારત દેશના સ્વતંત્ર નાગરિક તરીકે અમો અરજદારને ભારતના બંધારણની રૂઈને મળેલ મૂળભૂત અધિકારો તથા ગ્રામ પંચાયત અધિનિયમની જોગવાઈઓનું છડેચોક ઉલ્લંઘન સમાન છે. જેથી આ પીટીશન કરી ચૂંટણી અધિકારી ગ્રામ પંચાયત વાંદર નાઓએ સરપંચના વિજેતા ઉમેદવારની જાહેરાત કરતો તા.૨૧/૧૨/૨૧ નો હૂકમ રદ અને ગેરબાતલ ઠરાવવા માટે હાલની આ અરજી દાખલ કરવાની જરૂરિયાત ઉત્પન્ન થયેલ છે.

(૬) હાલની અરજીમાં અરજદારે જાહેર કરેલ છે કે , આ અરજી દાખલ કરતા અગાઉ તેઓએ તા.૦૯/૦૧/૧૭ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ખાતે સ્પેશયલ સિવિલ એપ્લીકેશન નંબર ૪૦૬/૨૦૧૭ ની દાખલ કરેલ જે કામે તા.૧૨/૦૧/૨૦૧૭ ના રોજ નામદાર ગુજરાત હાઈકોર્ટ ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ ની કલમ-૩૧ મુજબ કાર્યવાહી કરવા માટે અરજદાર દાદ માંગવાની તથા કાર્યવાહી કરી શકીએ તેમ છે. તેમ જણાવતો ચૂકાદો આપેલ છે.જે આ સાથે જાહેર કરીએ છીએ.

(૭) અરજીના કારણમાં અરજદારે જણાવેલ છે કે તા.૨૧/૧૨/૨૧ ના રોજ આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાએ સામાવાળા નં.૫ ની તરફદારી કરી આ ચૂંટણી પ્રક્રિયાની મતગણતરી વખતે ગેરરીતી આચરી અરજદારને આ કામના સામાવાળા નં.૫ કરતા વધુ મત મળ્યા હોવા છતાં આ કામના સામાવાળા નં.૫ ને વિજેતા જાહેર કરી દિધા હોય ત્યારથી ના કોર્ટની હકૂમતમાં ઉત્પન્ન થયું છે. વધુમાં જણાવેલ છે કે , અરજદારનો ઉપરોકત હકીકતે પ્રથમ દર્શનીય કેસ છે. સગવડતા અગવડતાનું પલ્લું અરજદારના પક્ષમાં છે.તેમજ આ અરજીમાં માંગ્યા મુજબની દાદ ન આપવામાં ન આવે તો અરજદાર દવારા કરેલ તમામ કાર્યવાહી નો હેતુ સરે તેમ નથી. જે સંજોગોમાં નાણાંથી ભરપાઈ ના થઈ શકે તેવું નુકશાન થાય તેમ છે. વધુમાં જણાવેલ છે કે , આ અરજીના સંજોગો જોતા પ્રથમ દ્રષ્ટિએ અરજદારની જીત થવાની પૂરેપૂરી શકયતા અને સંભાવના છે.ઉપરોકત હકીકત જણાવી હાલની અરજીમા પેરા નં.૯ માં નિમ્નલીખીત દાદ માંગેલ છે.

(અ) સદરહું અરજીનો સુનાવણી કે આખરી નિકાલ ના થાય ત્યાં સુધી વાંદર ગ્રામ પંચાયતની તા.૨૧/૧૨/૨૧ ના રોજ યોજાયેલ સરપંચ તથા વોર્ડના સભ્યોની ચૂંટણીમાં પડેલ મતોના બેલેટ પેપર્સ(મતપત્રો)નો નાશ આ સામાવાળાઓ જાતે કે તેઓના નોકરો,એજન્ટો,મળતીયાઓ મારફતે કરે કરાવે નહી તેવો મનાઈ હૂકમ ફરમાવશોજી.

(બ) આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ ને ફરમાવો કે વાંદર ગ્રામ પંચાયતનું રેકર્ડ શીલબંધ કવરમાં ના.કોર્ટમાં જમાં કરાવે તેવો આદેશાત્માક હુકમ આ કામના સામાવાળા વિરૂધ્ધ ફરમાવો.

(ક) ના.કોર્ટને બીજી યોગ્ય અને વ્યાજબી લાગે તેવી દાદ આપવો.

(૮) અરજદારની ઈલેકશન પીટીશન અને કામચલાઉ મનાઈ હુકમની અરજીના અનુસંધાને આ કામના સામાવાળાઓને અત્રેની કોર્ટ ધ્વારા સમંસ / નોટીસ કાઢવામાં આવેલ જે બજી જતાં સામાવાળા નં. ૧ થી ૪ તર્ફે તેમના વિ.વ.શ્રી હાજર થયેલા અને સામાવાળા નં.૩ નાઓ આંક – ૧૦ થી હાલની ઈલેકશન પીટીશન અને કામચલાઉ મનાઈ હુકમનો સંયુકત જવાબ આપેલ છે અને સામાવાળા નં .૧,૨ અને ૪ નાઓ આંક – ૧૩ થી પુરસીસ આપી સામાવાળા નં. ૩ ધ્વારા રજુ કરવામાં આવેલ જવાબને જ તેમનો જવાબ ગણી લેવા જાહેર કરેલ છે. આ કામના સામાવાળા નં.પ નાઓને કોર્ટનુ સમંસ / નોટીસ બજી જતાં તેઓ તેમના વિ.વ.શ્રી સાથે હાજર થયેલ અને આંક – ૨૧ થી અરજદારની હાલની ઈલેકશન પીટીશન અને કામચલાઉ મનાઈ હુકમની અરજીનો સંયુકત લેખિત જવાબ આપેલ છે. આ કામે સામાવાળા નં. ૧ થી ૪ નાઓના લેખિત જવાબમાં એવુ જણાવેલ છે કે અરજદારની અરજીના પેરા–૧ બાબતે તકરાર નથી. પરંતુ અરજી પેરા–૨,૩,૪,૫,૬,૭,૮,૯,૧૦,૧૧ માં લખેલી હકીકતો ખોટી છે. અમોને કબુલ નથી. તેઓની ઉપર ફોન આવેલ નથી કે લાગવગ કરેલ નથી. અરજદારે ખોટા આક્ષેપો કરેલ છે. અરજીના પેરા–૨ માં લખેલી હકીકતો ખોટી અને ઉપજાવી કાઢેલી છે. મતગણતરીમાં કોઈ ગોલમાલ થયેલ નથી કે રીકાઉન્ટીંગની અરજદારે માંગણી કરેલી નથી. તેઓએ કોઈ મત ખોટી રીતે કેન્સલ કરેલ નથી. જેથી અરજદારને હાલની અરજી કરવાની જરૂર પડી નથી. તેઓએ મતગણતરીમાં કાયદાકીય માર્ગદર્શકનું પાલન કરેલ છે અને ચોકકસ પૂર્વક ગણતરી શાંતિપૂર્ણ વાતાવરણમાં કરવામાં આવેલી છે કોઈ ગેરરીતી થયેલ નથી.

(૯) વધુમાં જણાવેલ છે કે અરજીના પેરા–૩ માં લખેલી હકીકતો ખોટી અને અરજી કરવા પુરતી ઉપજાવી કાઢેલ છે. મતગણતરી કરતા જે મતો નિકળેલા તેના આધારે પરીણામ જાહેર કરેલ છે. જેથી અરજદારને હાલની અરજી કરવાનું કોઈ કારણ ઉત્પન્ન થયેલ નથી. અરજદારની મનાઈ અરજીના પેરા–૪ માં લખેલ હકીકતો ખોટી અને અરજી કરવા પુરતી ઉપજાવી કાઢેલી છે.

(૧૦) તેઓએ જણાવેલ છે કે મતગણતરી વખતે હાજર ગણતરી એજન્ટોએ ગણતરી થયા બાદ સંતોષ થતાં સહીઓ કરેલી જે તે વખતે કોઈ વાંધો લીધેલ નથી. જેથી કાયદા મુજબ પ્ર ક્રિયા થયેલ હતી. ખરી હકીકત એવી છે કે મતગણતરી કાયદાકીય જોગવાઈ મુજબ ચોકકસ પૂર્વક કરેલ છે. કોઈ ગેરરીતી થયેલ નથી. કે કોઈ પક્ષપાતી ભૂમિકા ભજવાયેલ નથી. કે કોઈ ભ્રષ્ટ્રાચાર થયેલ નથી. ઉપરોકત હકીકત જણાવી તેઓએ અરજદારની હાલની અરજીને રદ કરવા અરજ ગુજારેલ છે.

(૧૧) આ કામના સામાવાળા નં. ૫ નાઓ અરજદારની હાલની ઈલેકશન પીટીશન અને કામચલાઉ મનાઈ હુકમની અરજીનો સંયુકત લેખિત જવાબ આંક – ૨૧ થી રજુ કરી લેખિત જવાબમાં જણાવેલ છે કે મતગણતરીને તમામ પ્રક્રિયા ગ્રામ પંચાયત અધિનીયમની જોગવાઈઓ મુજબ કરવામાં આવેલ છે. અને અમો સામાવાળા નં.૫ ને આ કામના અરજદાર કરતા વધારે મત મળેલ હોવાથી વિજેતા જાહેર કરવામાં આવેલ છે. તેમજ અમો સામાવાળાને વિજેતા જાહેર કરતો હુકમ રદ કરાવવા આ અરજદારને કોઈ હકક યા અધિકાર નથી. આ કામના અરજદારે સામાવાળા સામે વાંદર ગ્રામ પંચાયતની સરપંચની ચૂંટણીમાં હારી જતા સામાવાળાઓ સામે ખોટી અને બનાવટી હકીકતો જાહેર કરીને સામાવાળાઓના હેરાન કરવાના બદઈરાદાથી આ અરજી કરેલ છે.તેમજ મતગણતરી કાયદેસરના નિયમો મુજબ કરવામાં આવેલ છે.

(૧૨) અમો સામાવાળા નં.૫ ની ગ્રામ પંચાયત વાંદર ની મત ગણતરીની કાર્યવાહી દરમ્યાન ગ્રામ પંચાયતના તમામ વોર્ડ ના ચૂંટણી લડત સભ્યોની મતો પત્રોની મત ગણતરી વોર્ડ દીઠ હાથ ધરવામાં આવેલ જયારે સરપંચના ઉમેદવારોના મત પત્રો તમામ મતદાન મથકો ઉપર ઉપયોગમાં લેવાયેલ મત પેટીના મત પત્રો ભેગા કરી ઉમેદવાર દીઠ મતપત્રોના અલગ–અલગ બંડલો તૈયાર કરી મતગણતરી કરવામાં આવેલ.તેથી માત્ર સભ્યોની વોર્ડ દીઠ ગણતરી કરવામાં આવે છે. સામાવાળા નં.૫ નાઓ વાંદર ગ્રામ પંચાયતમાં સરપંચની ચૂંટણી લડતા હતા અને દરેક ઉમેદવારોના દીઠ મતપત્રો જુદા કરી તેના બંડલો બનાવ્યા બાદ ગણતરી કરવામાં આવેલ છે.તે મુજબ નીચેની વિગતે સરપંચના ઉમેદવારોના મતોની ગણતરી કરવામાં આવેલ.

| **ઉમેદવારનું નામ** | **મળેલા માન્ય મત પત્રની સંખ્યા** |
|---|---|
| દિપસીંહ રામસિંહ ભીલ | ૮૭૯ |
| ચંદ્રકાંત છત્રસિંહ પટેલીયા | ૯૧૫ |
| ઉપરના પૈકી કોઈ નહી નોટા (NOTA) | ૦૪ |
| કુલ માન્ય મતો | ૧૭૯૮ |
| અસ્વીકારાયેલ મતો | ૯૧ |
| માન્ય તથા અસ્વીકારેલ મતો કુલ | ૧૮૮૯ |

(૧૩) તેઓએ જણાવેલ છે કે, ઉપર મુજબ મતોની ગણતરી સુપરવાઈઝરોએ એજન્ટ તથા ગણતરી એજન્ટોની હાજરીમાં પ્રત્યેક મત બતાવીને કરવામાં આવેલ. પરંતુ અરજદારને અસંતોષ થયા ફેર મતગણતરીની માંગણી કરતા ચૂંટણી અધિકાર તથા મામલતદારશ્રી દે.બારીઆનાએ અરજદારની રજુઆત ગ્રાહય રાખી ફેર મતગણતરી હાથ ધરવામાં આવેલ.ફેર મતગણતરી દરમ્યાન ઉમેદવારો ચૂંટણી એજન્ટો,અને ગણતરી એજન્ટોને પ્રત્યેક મત બતાવીને ગણતરી કરતા ઉપરોકત થયેલ ગણતરીમાં કોઈ તફાવત જણાઈ આવેલ ન હતો.અરજદાર જણાવે છે તેમ વોર્ડ દીઠ તેમને મતો મળેલ હોવાની હકીકત તદન ખોટી છે.કારણ કે વોર્ડ દીઠ ચૂંટણી લડતા સભ્યોની મતગણતરી દરમ્યાન

બનાવવામાં આવેલ જેથી વોર્ડ દીઠ સરપંચને મળેલા હોવાથી જે હકીકત જણાવે છે તે તદન ખોટી છે.

(૧૪) તેઓએ જણાવેલ છે કે, મત ગણતરી પુર્ણ થયા બાદ ચૂંટણી પંચના નિયમો મુજબ અધિકારીઓ દવારા રોજકામ કરવામાં આવેલ જેમાં મતણતરીની કાર્યવાહી અધિકારીઓ રૂબરૂ શરુ કરી પુર્ણ કરવામાં આવેલ છે.અને આ કાર્યવાહી અંગે કોઈપણ જાતનો વાંધો કે રજુવાત નથી.તે મતલબની ઉમેદવારોના ગણતરી એજન્ટોએ સહીઓ કરેલ છે.જે અંગેનો ચેક મેમો તૈયાર કરવામાં આવેલ.વોર્ડ દીઠની ગણતરીમાં મતગણતરીના રોજકામ અધિકારી દવારા તૈયાર કરવામાં આવે તે રોજકામ મુજબ વોર્ડ દીઠ ઉભેલા સભ્યોને મળેલા માન્ય મતોની વિગત દર્શાવવામાં આવેલી છે.

(૧૫) તેઓએ વધુમાં જણાવેલ છે કે, નિયમો અનુસાર મતગણતરીની કાર્યવાહી પુર્ણ થયા બાદ ચૂંટાયેલ વોર્ડના સભ્યોનું તથા સરપંચનું આખરી પરીણામ પત્રક બહાર પાડવામાં આવેલ.પરંતુ અરજદાર જણાવે છે તેમ અરજદારએ રાજય ચૂંટણી અધિકારીને ફેર મતગણતરી માટે લેખિતમાં અરજી આપેલ હોવાની હકીકત અંગે જણાવેલનું કે, અરજદાર દવારા ફેર મતગણતરી માટેની કોઈ લેખિતમાં મામલતદારશ્રી દે.બારીઆને અરજી આપેલ નહી. તેમની અરજી ફાડી નાખવામાં આવેલ નથી.

(૧૬) ઉપરોકત મતગણતરીની તમામ પ્રક્રિયા અંગેનું રાજય ચુંટણી પંચની સુચના મુજબ જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શક હેઠળ તથા ઉચ્ચ અધિકારી અધિકારીઓની હાજરીમાં ચૂંટણી પંચના નિયમો અનુસાર અને જોગવાઈઓ અનુસાર ગણતરી પુર્ણ કરી પરીણામ જાહેર કરવામાં આવેલ અને તે અંગેનો તમામ અહેવાલ જિલ્લા ચૂંટણી અધિકારી મારફતે રાજય ચૂંટણી પંચને મોકલવામાં આવેલ.આમ મતદાનની સમગ્ર પ્રક્રિયા કાયદેસર,નિયમોનુસાર અને પારદર્શી રીતે કરવામાં આવેલ.તેથી અરજદાર જણાવેલ

છે તેવી કોઈ ગેરકાયદેસર કે કોઈ અનિયમસરતા થયેલ નથી અને અમો સામાવાળા નં.૫ ને કાયદેસર કાર્યવાહી કર્યા બાદ વિજેતા જાહેર કરવામાં આવેલ. ઉપરોકત હકીકત જણાવી તેઓએ અરજદારની હાલની અરજીને રદ કરવા અરજ ગુજારેલ છે.

(૧૭) હાલની અરજી વંચાણે લીધી તથા તેને લગત તમામ કેસ પેપર્સ અને કેસનુ રેકર્ડ ધ્યાને લીધું. અરજદાર તર્ફે તેમના વિ.વ.શ્રી નાઓને સાંભળ્યા તથા સામાવાળા નં. ૫ તર્ફે તેમના વિ.વ.શ્રી નાઓને સાંભળ્યા. આ કામના સામાવાળા નં. ૧ થી ૪ નાઓના વિ.વ.શ્રી હાલની અરજીના દલીલના તબકકે હાજર રહેલ ન હોય તેમને સાંભળવામાં આવેલ નથી.

(૧૮) હાલની અરજીમાં અરજદાર ધ્વારા સામાવાળા સામે મુખ્યત: આક્ષેપો નીચે મુજબ છે,

(૧) અરજદારના કાઉન્ટીંગ એજન્ટને કાઉન્ટીંગ જોઈ ન શકાય તેટલા દૂર ઉભા રહેવાની ફરજ પાડી હતી અને અરજદારના કાઉન્ટીંગ એજન્ટને મતપત્રો બતાવવાંમાં આવતાં ન હતા. આ કામના સમાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાએ અરજદારના મળેલા મતો આ કામના સામાવાળા નં.૫ નામાં ગણી લઈ ખુબ મોટો ભ્રષ્ટાચાર આચર્યો છે અને ખૂબજ મોટી ગેરરીતી આચરેલ છે. આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાએ સમગ્ર ચૂંટણી પ્રક્રિયા તટસ્થ રીતે કરેલ નથી અને અરજદારને આ કામના સામાવાળા નં.૫ કરતાં વધુ મત મળ્યા હોવા છતાં ગેરરીતેઓ વાપરી ખોટી રીતે આ કામના સામાવાળા નં.૫ નાને વિજેતા જાહેર કરી દીધા છે.

(૨) આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાએ આ પ્રક્રિયા દરમ્યાન જે મતપત્રો અરજદારની થોકડીમાં હતા તે થોકડીઓ ઉલટ સુલટ કરી અરજદારને મળેલ મત આ કામના સમાવાળા નં.૫ ની થોકડીમાં ભેળવી દિધા હતા.

(૩) મતગણતરીના દિવસે અરજદારના ૮૭૯ તથા આ કામના સામાવાળા નં.પ ને ૯૧૫ તથા રદ અસ્વીકારાયેલ મતોની સંખ્યા ૯૧ બતાવી તથા નોટા મતોની સંખ્યા ૪ બતાવી કુલ મતદાન ચૂંટણી અધિકારીએ ૧૮૮૯ બતાવેલ છે અને મતદાનના દિવસના મતદાનની સંખ્યા મત ગણતરીના દિવસના મતની ગણતરીમાં ૬ મતનો ફરક આવતો હોય જેથી મતગણતરી ન્યાયપૂર્ણ થયેલ નથી. તેમજ આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાઓએ સામાવાળા નં.પ સાથે મળી જઈ અને મતગણતરીમાં ગોટાળા કરીને અરજદારને હારેલા જાહેર કરીને અરજદારને કાઉન્ટીંગ એજન્ટને સાંભળવાની તક આપ્યા સિવાય તેમને વાંધો રજૂ કરવાની તક આપ્યા સિવાય આ કામના સામાવળા નં.પ ને વિજેતા જાહેર કરી દીધા હતા.

(૪) આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ નાએ ચૂંટણીમાં ખૂબમોટા ભ્રષ્ટ્રાચાર આચરી, ચૂંટણી પંચના નિયમોનો ખૂલ્લે આમ ભંગ કરી સામાવાળા નં.પ ને ગેરકાયદેસર રીતે સરપંચ તરીકે ચૂંટાયેલા જાહેર કરી દિધા.જેથી અરજદારે જાતે તથા તેમના એજન્ટો દ્વારા મત ગણતરીની પ્રક્રિયા દરમ્યાન કરેલ મતોની ગણતરી અને પરિણામે વચ્ચે મોટી સંખ્યાનો ફેરફાર નજરે પડેલ.જેથી અરજદારે તાત્કાલિક હાજર ચૂંટણી અધિકારીઓ સમક્ષ સદરહું મતોની ફેરગણતરી કરવા માટે તાત્કાલિક મૈખિક માંગણી કરેલ. તે સમયે ચૂંટણી અધિકારીએ અરજદારને જણાવેલ કે અમારે હજી ઘણી બધી બીજી પંચાયતોની મતગણતરી બાકી છે તમારા માટે ફેરગણતરી કરવા માટે અમો નવરા નથી અને તમારાથી થાય તે કરી લેજો. જેથી અરજદારે લેખિતમાં અરજી કરતા મામલાદાર દેવગઢબારીઆ નાઓએ અરજદાર સામે અરજદારની અરજી ફાડી નાંખેલી અને તમારાથી થાય તે કરી લો તેમ જણાવેલ.

(૫) વાંદર ગ્રામ પંચાયત સરપંચની ચૂંટણીમાં તા.૧૯/૧૨/૨૧ ના રોજ કુલ મતદાન ૧૮૯૫ મતોનું મતદાન થયેલ તા.૨૧/૧૨/૨૧ ના રોજ મતગણતરી વખતે મતદાન પેટીમાંથી કુલ ૧૮૮૯ મતો નીકળેલ. જે લેખિતમાં સુપરવાઈઝરે તથા ચૂંટણી અધિકારીએ તેઓના હોદાની રૂઈએ સહી કરીને અરજદારને જણાવેલ. આમ, મતગણતરી સમયે ગંભીર પ્રકારની ગેરરીતિઓ આચરવામાં આવેલી છે.

(૧૯) અરજદાર ધ્વારા હાલની અરજીમાં સામાવાળા સામે મુકવામાં આવેલ ઉપરોકત આક્ષેપો ધ્યાને રાખતા હાલના તબકકે કામચલાઉ મનાઈ અરજીના ન્યાયનિર્ણયના તબકકે ધ્યાને લેવામાં આવતાં ત્રણ મુળભૂત સિધ્ધાંત પ્રાઈમા ફેસાઈ કેસ, બેલેન્સ ઓફ કન્વીનીયન્સ અને ઈરીપેરેબલ લોસ વિગેરેને ધ્યાને રાખતા હાલની અરજી અંશત: મંજુર કરવુ ન્યાયિક જણાઈ આવેલ હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– : હુકમ : –**

(૧) અરજદારની અરજી આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) સામાવાળાઓને આથી આદેશ કરવામાં આવે છે કે હાલની પીટીશનનો આખરી નિકાલ ના થાય ત્યાં સુધી વાંદર ગ્રામ પંચાયતની તા.૧૯–૧૨–૨૧ / તા. ૨૧–૧૨–૨૦૨૧ ના રોજ યોજાયેલ સરપંચ તથા વોર્ડના સભ્યોની ચૂંટણીમાં પડેલ મતોના બેલેટ પેપર્સ (મતપત્રો) નો નાશ આ કામના સામાવાળાઓ જાતે કે તેઓના નોકરો, એજન્ટો, મળતીયાઓ મારફતે કરે કરાવે નહી તેવો કામચલાઉ મનાઈ હુકમ કરવામાં આવે છે.

(૩) વધુમાં, આ કામના સામાવાળા નં.૧,૨,૩ તથા ૪ ને આદેશ કરવામાં આવે છે કે તેઓ તા.૧૯–૧૨–૨૦૨૧ / તા. ૨૧–૧૨–૨૦૨૧ ના રોજ યોજાયેલ વાંદર ગ્રામ પંચાયતની સરપંચ અને વોર્ડના સભ્યોની ચુંટણી માં પડેલ મતોના બેલેટ પેપર્સ (મતપત્રો) શીલબંધ કવરમાં અત્રેની કોર્ટમાં સેઈફ કસ્ટડીમાં નાઝરીશ્રી પાસે જમાં કરાવે તેવો આદેશ કરવામાં આવે છે. સામાવાળા નં. ૧ થી ૪ નાઓને તે અંગેની યાદી કરવી.

(૪) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**હુકમ આજરોજ તારીખ ૦૯ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.**

સહી/–

સ્થળ : દેવગઢ બારીયા
તારીખ : ૦૯/૦૨/૨૦૨૪

(જી.એલ.પારીક)
પ્રિન્સીપાલ સીવીલ જજ
દેવગઢ બારીયા